# ચૈત્રી પુનમ મેળાના અંતિમ દિવસે માનવ મહેરામણ ઉમટ્યું







મહેસાણા, તા. ૧

ગુજરાતનાં પવિત્ર તિર્થસ્થાનો પૈકી એક મહત્વનું તિર્થસ્થાન એટલે બહુચરાજી. ગુજરાતના મહેસાણા જિલ્લામાં આવેલું આ પ્રાચીન તિર્થસ્થાન સતત અને અવિરત રીતે 'મા બહુચર'ના જય જયકારથી ગુંજતું રહે છે. ચૈત્ર માસની પૂનમે અહીં માતાજીનાં પગલાં થયાં હતા. દર વરસે ચૈત્ર માસની પૂનમે અહીં માતાજીનો પ્રાગટ્યોત્સવ ઊજવાય છે.

આ વરસે પણ બહુચર માનાં ભક્તો માટે ૨૯થી ૩૧ માર્ચ દરમિયાન એમ સળંગ ત્રણ દિવસ ચૈત્રી પૂનમનો મેળો ભરાયો હતો. ચૈત્રી પુનમના રાત્રે મા બહુચરની શાહી સવારી બહુચરાજી મંદિરથી નીકળી શંખલપુર જવા પ્રસ્થાન કર્યું હતું. આ સમયે પોલીસ દ્વારા ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યુ હતું. માતાજીની સવારીમાં ૧૫૦થી વધુ પોલીસ જવાનો, ઘોડેસવાર તેમજ બેન્ડવાજા સામેલ થયા હતા. ચૈત્ર સુદ પૂણિમાનો ભવ્ય લોકમેળામાં બહુચર માતાજીની ભવ્ય સવારી બે કિ.મી દૂર માતાજીના મૂળ સ્થાનક શંખલપુર ગામે ટોડા માતાજીના સ્થાનકે ગઈ હતી. જયાં ગ્રામજનો દ્વારા ભવ્યાતિ ભવ્ય સામૈયુ કરવામાં આવ્યું હતું.

## માતાજીની સવારીના દર્શનાર્થે ભક્તોનું ઘોડાપૂર

ચૈત્રી પૂનમ નિમિત્તે બહુચરાજી ટેમ્પલ ટ્રસ્ટ દ્વારા હાઈવે પર શક્તિચોકની બાજુમાં આવેલા અન્નપુર્ણા ભોજનાલયમાં સવારે ૯થી રાત્રીના ૧૦ વાગ્યા સુધી વિનામૂલ્યે ભોજન પ્રસાદનો લાભ લાખો શ્રદ્ધાળુઓએ લીધો હતો. જિલ્લા કલેકટર એચ.કે. પટેલ તેમજ ટેમ્પલ ટ્રસ્ટના વહીવટદાર ભાર્ગવ પટેલે મા ત્રિપુરાની પુજા અર્ચન કરી આશિર્વાદ મેળવ્યા હતા.

મા બહુચરના ઐતિહાસિક મહત્વ વિશે જોઈએ તો સુધાસિંધુમાં મણિદ્વીપ પરના ચિંતામણિ ભુવનમાં બિરાજતાં માતા જગદંબા અસુરોનો વિનાશ કરી ત્યાંથી નીકળી ધર્મારણ્યમાં ચુંવાળ પ્રદેશ (આજનો બહુચરાજી આસપાસનો વિસ્તાર)માં આવીને વસ્યાં. અહીં તેઓ બાળા ત્રિપુરા અને આજે બાળા બહુચરા નામે વિખ્યાત બન્યાં છે. બહુચર માતાજીએ બાળારૂપ ધારણ કરી દંઢાસુર નામના રાક્ષસને હણી ઋષિ-મુનિઓને તેના ત્રાસમાંથી મુક્ત કરાવ્યા. તે પછી સિદ્ધહસ્ત મુનિ કપિલ ભગવાનના હસ્તે બહુચર માતાજીના ગોખની સ્થાપના થઈ. વરખડીવાળા સ્થાનની પ્રસિદ્ધિ થયા પછી જગદંબાને ગુપ્ત રહેવાની ઈચ્છા થઈ. ધીરે ધીરે આ સ્થાન વિસારે પડી ગયું. કાળક્રમે માતાજીને પુનઃપ્રગટ થવાની ઈચ્છા થઈ. તદાનુસાર કાલરીના સોલંકી કુંવર તેજપાલને નારીમાંથી નર એટલે કે પુરુષાતન આપી પરચો પૂર્યો હતો. આ શુભ દિવસ ચૈત્રી પૂનમ હોવાની માન્યતા છે. ત્યારથી દર ચૈત્ર માસની પૂનમે અહીં માતાજીનો પ્રાગટ્યોઉત્સવ ઊજવાય છે.

ધાર્મિક મહત્વ વિશે શ્રી બહુચરાજી માતાજીનું સ્થાનક ભારતભરના તમામ શક્તિપીઠોમાંનું એક છે. જ્યાં દક્ષ કન્યા મા ભગવતી સતીના હાથના અવયવો પડેલા છે. જેથી આ સ્થળ એક સિદ્ધિ શક્તિપીઠ કહેવાય છે. આ યાત્રાધામમાં માતાજીનાં સંકુલમાં મુખ્યત્વે ત્રણ મંદિરો, આધ્યસ્થાન, મધ્યસ્થાન અને મુખ્ય મંદિર આવેલ છે. જેમાં સ્ફટિક નિર્મિત સુવર્ણ જડીત બાલાયંત્રની પૂજા કરવામાં આવે છે. સૃષ્ટિની દસ મહાશક્તિઓમાં શ્રી બાલાત્રિપુરા સુંદરી શ્રી બહુચરમાં સ્વયં સિદ્ધિશક્તિ છે. અહીં લાખો ભાવિક યાત્રાળુઓ દર્શન માટે આવે છે.



ચૈત્રી સુદ પુર્ણીમાને હનુમાન જયંતી તરીકેની ઉજવણી સમગ્ર રાજયભરમાં વિવિધ રામ ભક્ત હનુમાનનાં મંદિરે કરવામાં આવી રહી છે. એટલું જ નહી સવિશેષ હનુમાનજીનો શનીવાર હોવાથી ભક્તોમાં વિશેષ ઉત્સાહ જોવા મળ્યો હતો. યાત્રાધામ અંબાજીનાં મંદિર ટ્રસ્ટ સંચાલીત હનુમાનજીનાં મંદિરે ૫૬ ભોગનો અન્નકુટ ધરાવી આરતી કરાઈ હતી. એટલું જ નહીં અંબાજી માં હનુમાનજી જન્મોત્સવ નિમિત્તે સૌ પ્રથમ વખત રાષ્ટ્રીય એકતા યુવા મંચ દ્વારા વિશાળ ભગવા રેલીનું આયોજન કરાયું હતું. જેમાં વાનર સેનાની વેસભુસા સહીત આગનાં ફુવારા જેવાં દિલધડક કરતબો રજુ કરાયાં હતા. જોકે આ ભગવા રેલી સૌ પ્રથમ વખત નિકાળવાંનો આશય એ હતુ કે લોકોમાં ધર્મ જાગરણ પ્રત્યે જાગૃતિ આવે અને હિન્દુ એકતાં મજબૂત બને તેમ રાષ્ટ્રીય એકતા યુવા મંચના કન્વીનર લોકેશ જૈન જણાવ્યુ હતુ.

## સાબરકાંઠા જિલ્લા સંકલન ફરિયાદ સમિતિની બેઠક યોજાઈ

હિંમતનગર, તા. ૧

સંકલન અને ફરિયાદ સમિતિની બેઠકમાં ઈડરના ધારાસભ્ય હિતુ કનોડીયાએ ઈડર અને વડાલી તાલુકાના ખેડૂતોને જમીન રી-સર્વેમાં પડતી મુશ્કેલીઓ, ઈડર શહેરમાં સુચિત બાયપાસની કામગીરી કયા તબક્કામાં છે, તેમજ ઈડરના વધુ વસતી ધરાવતા ગામોમાં જનસેવા કેન્દ્ર ઉભા કરવા ઉપરાંત ઈડરીયા ગઢ બચાવવા કાર્યવાહીમાં સઘન પગલા લેવા સહીતના પ્રશ્નો રજૂ કર્યા હતા. જેના નિરાકરણ માટે કલેક્ટર દ્વારા સંબંધિત અમીકરણ અધિકારીઓને જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી.

આ ઉપરાંત આગામી ઉનાળામાં પીવાના પાણીની સમસ્યા ન ઉભી થાય તે અંગે તકેદારી અને આગામી માસ દરમિયાન જિલ્લાની શાળાઓમાં યોજાનાર ગુણોત્સવની તૈયારી અંગે સમીક્ષા કરવામાં આવી હતી. તેમજ બાકી પેન્શન કેસો, ઓનલાઈન ફરિયાદોનો નિકાલ કરી ડેટા એન્ટ્રી સમયસર કરવા જણાવ્યુ હતુ. બેઠકમાં જિલલ્લા વિકાસ અધિકારી હર્ષ વ્યાસ જિલ્લા પોલીસ વડા, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક ડામોર સહિત પ્રાંત અધિકારીઓ અન્ય અમલીકરણ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## કાંકરેજ તાલુકાના કમ્બોઈ ગામે કોંગેસના તાલુકા જિલ્લા પંચાયતના સભ્યોનો સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો



કાંકરેજ, તા. ૧

કાંકરેજ તાલુકાના કમ્બોઈ ગામે જિલ્લા પંચાયતના સદસ્ય સોલંકી ગોપાળસિંહના ફાર્મહાઉસ ઉપર કોંગ્રસના તાલુકા જિલ્લા પંચાયતના પ્રમુખો ઉપ પ્રમુખો અને સભ્યોનો સત્કાર સમારોહ યોજાયો. આ પ્રસંગના મુખ્ય મહેમાન ગંગાપુર થળી મઠના મહંત જગદીશપુરીબાપુ નોરતા આશ્રમના દોલતરામ મહારાજ અને બીજા અન્ય સંતોના પાવન પગલાં સાથે માતાજીનો હવન યોજાયો હતો. જેમાં પાટણના પૂર્વ સાંસદ જગદીશ ઠાકોર, અમરતજી ઠાકોર, મહા મંત્રી ગુજરાત કોંગેસ કાનજી દેસાઈ, પાટણ જિલ્લા પ્રમુખ દિનેશ ગઢવી, બનાસકાંઠા જિલ્લા પ્રમુખ વર્ધીલાલ મકવાણા, કાંકરેજ તાલુકા પ્રમુખ દિનેશ ઠક્કર, ડી.ડી. જાલેરા, કરણસિંહ વાઘેલા કાંકરેજ રાજપૂત સમાજ પ્રમુખ અને દરેક સમાજના આગેવાનો અને ગ્રામ પંચાયતના સરપંચો સહિત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા અને મહેમાનોને શાલથી સ્વાગત કરવામાં આવ્યું હતું. ધારસિંહભાઈ ખાનપુરા, પૂર્વ ધારાસભ્ય કાંકરેજ, બળદેવનાથ બાપુ દેવ દરબાર જાગીર મઠ, પધાર્યા અને કાર્યક્રમમા આનંદ આવ્યો.

## શ્રી ભવાની યુવા મંડળ ખીમાણા દ્વારા પાણીના કુંડા અને ચકલીના માળા બાંધવાનું આયોજન

ખીમાણા, તા. ૧

ખીમાણા ગામ શ્રી ભવાની યુવા મંડળ ખીમાણા દ્વારા યુવાનોના અથાગ પ્રયત્નોથી પક્ષીઓ માટે પાણીના કુંડા તેમજ ચકલીઓના માળા બાંધવાનું આયોજન રેલી સ્વરૂપે ખીમાણા ગામેથી બસસ્ટેન્ડ તથા ગામના મુખ્ય બજારોથી દૂધેશ્વર મહાદેવ પ્રાથમિક શાળા, હનુમાન દાદા મંદિર, ખીમાણા હાઈસ્કૂલ જેવી જગ્યાએ ચકલીઓના માળા તેમજ પક્ષીઓ માટે પાણીની પરબો બાંધવામાં આવી. જેમાં ગામમાં મુખ્ય માર્ગોથી યુવાનો દ્વારા રેલી કાઢવામાં આવી હતી. જેમાં 'પાણી પાવા પક્ષી બચાવો' જેવા નારા બોલાવી યુવાનોએ પક્ષી બચાવો, પર્યાવરણ બચાવો જેવા ભાવ વ્યક્ત કર્યા હતા. યુવા મંડળના તમામ સભ્યોએ ખીમાણા ગામના અગ્રણીઓ યુવા મંડળના તમામ સભ્યો હાજર રહી સરસ કામગીરી કરી હતી.

## ભાંખરામાં ખેતરમાં ચાલવા બાબતે ઝઘડો થતા બે ને ઈજા

વિજયનગર તાલુકાના ભાખરા ગામની સીમમાં ગુરૂવારે ખેતરમાં થઈને ચાલવા બાબતે ઝઘડો થતા બે ઈસમે એક શખ્સ તથા મહિલા પર ચપ્પાથી હુમલો કરી ઈજા પહોંચાડી હતી. ભાંખરા ગામના જીગરકુમાર દિનેશભાઈ ડોડીયારે નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ તેઓ ગુરૂવારે મુકેશભાઈ નાનજીભાઈ ડોડીયાર તથા ભુરાજી લીંબાજી ડોડીયારના ખેતરમાંથી પસાર થતા હતા ત્યારે મુકેશભાઈ ડોડીયારે તેમના ખેતરમાં થઈને ન જવા દેવા કહી ઝઘડો કર્યો હતો અને મુકેશભાઈએ જીગરકુમાર ડોડીયાર પર ચપ્પા વડે હુમલો કરી ઈજા પહોંચાડી હતી.

## શામળાજી પોલીસે ટ્રકમાં ચંપલ ભરેલ કાર્ટુનની આડમાં સંતાડીને ઘુસાડાતો ૪.૮૦ લાખનો શરાબ જપ્ત

શામળાજી, તા. ૧

અરવલ્લી જીલ્લાની આંતરરાજ્ય સરહદ રતનપુર ચેકપોસ્ટ સ્થાનિક અને અન્ય રાજ્યોના બુટલેગરો માટે વિદેશી દારૂ ઘુસાડવા સ્વર્ગ સમાન માનવામાં આવતી હોય તેમ સતત બુટલેગરો દારૂબંધીનો ફાયદો ઉઠાવવા નિત નવા નુસખા અપનાવી વિવિધ વાહનો મારફતે ગુજરાતમાં કરોડો રૂપિયાનો વિદેશીદારૂ ઠાલવી રહ્યા છે. શામળાજી પોલીસે અણસોલ ગામની સીમમાંથી ચંપલના કાર્ટૂનની આડમાં ટ્રકમાં સંતાડીને લવાતો ૪.૮૦ લાખનો વિદેશ દારૂ જપ્ત કરી ટ્રક ડ્રાઈવર સહીત અન્ય એક શખ્સને દબોચી લઈ વિદેશીદારૂ ભરી આપનાર શખ્સને દબોચી લેવા કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

શનિવારે રાત્રીના સુમારે શામળાજી પોલીસે રતનપુર ચેકપોસ્ટ નજીક આવેલા અણસોલ ગામની સીમમાં રાજસ્થાન તરફથી આવતા વાહનોનું સઘન ચેકીંગ હાથ ધરાતા ચંપલ ભરી પસાર થતા ટ્રક (ગાડી.નં-એચઆર.૫૫. ડબલ્યુ. ૩૧૨૯)ને અટકાવી ટ્રકમાં ચંપલ ભરેલ કાર્ટૂન હટાવતાની સાથેજ ટ્રકમાંથી ગેરકાયદેસર વગર પાસ પરમીટની વિદેશી દારૂની પેટી-૧૦૦ બોટલો કુલ નંગ-૪૮૦૦ જેની કિં. રૂ. ૪૮૦૦૦૦નો જથ્થો જપ્ત કરી ટ્રક ડ્રાઈવર મનોજ મહાવીરસીંગ જાટ (રહે, ભાંડવા હરિયાણા ) અને રવિન્દર સુરજભાણ જાટ (રહે, લાલચંદ કોલોની, બહાદુરગઢ, હરિયાણા)ને જેલના સળિયા પાછળ ધકેલી દઈ ટ્રકની કિંમત રૂ. 1000000 તથા મોબાઈલ નંગ-૧ કિં. રૂ.૧૫૦૦ મળી કુલ રૂ.૧૪૮૧૫૦૦નો મુદ્દામાલ જપ્ત કરી ટ્રકમાં વિદેશી દારૂ ભરી આપનાર સંજય ઉમેદસીંગ (રહે, ગૌશાલા રોડ, પીએચ-૩, ગુડગાંવ, હરિયાણા) વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.





## ભિલોડાના વાંકાનેર જીઆઈડીસીમાં આરો પ્લાન્ટમાં કામ કરતા કર્મચારીનું વીજ કરંટથી મોત

અરવલ્લી જિલ્લાનાં ભિલોડા તાલુકાના વાંકાનેર ગામ નજીક આવેલી જીઆઈડીસીના આરો પ્લાન્ટમાં કામ કરતા કર્મચારીને ટેલીફોને લાઈન નજીકથી પસાર થતી ૧૧૦૦ કીવી હેવી વીજલાઈનમાંથી અગમ્ય કારણોસર ટેલિફોન લાઈનમાં વીજ કરંટ ઉતારતા આરો પ્લાન્ટના કર્મચારીને કરંટ લગતા તરફડીયા ખાઈ મોત નીપજ્યું હતું. મૃતક યુવાન નજીકના ખુમાપુર ગામનો ચેતન પરમાર હોવાની પ્રાથમિક માહિતી મળી હતી. બીએસએનએલ વિભાગની બેદરકારીને કારણે યુવક કર્મચારીનો ભોગ લેવાયો હોવાનો લોકોએ આક્ષેપ કર્યો હતો. ગઈકાલની બનેલી ઘટનામાં ભિલોડા પોલીસે તપાસ હાથ ધરી હતી.

## હિંમતનગરમાંથી સગીરાનુ અપહરણ કરતા ફરીયાદ

હિંમતનગરના મહેતાપુરા વિસ્તારમાં આવેલ સિદ્ધાર્થનગરમાં રહેતી એક સગીરાનું ૧૭ દિવસ અગાઉ અજાણ્યો શખ્સ અપહરણ કરી લઈ જતા સગીરાની માતાએ શુક્રવારે અજાણ્યા શખ્સ વિરૂદ્ધ હિંમતનગર બી-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવાઈ હતી. સિદ્ધાર્થનગરમાં રહેતા સોમીબેન થાવરાજી બારાએ નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ ગત તા. ૧૨ મનાર્ચના રોજ અજાણ્યો શખ્સ તેમની પૌત્રી પ્રિયંકાબેન (ઉં.વ. ૧૫)ને અજાણ્યો શખ્સ ગમે તે કારણસર વાલીપણામાંથી અપહરણ કરી લઈ ગયો હતો. જે અંગે પરિવારજનોએ તપાસ કરવા છતાં કોઈ પત્તો ન મળતા સોમીબેન બારાએ અજાણ્યા શખ્સ વિરૂદ્ધ ફરીયાદ નોંધાવી હતી.

## અરવલ્લી જિલ્લામાં તડબુચની ખેતીએ ખેડૂતોને રાતા પાણીએ રડાવ્યા



મોડાસા, તા. ૧

અરવલ્લી જિલ્લામાં દર વર્ષે તડબુચનુ વાવેતર કરવામાં આવે છે. ચાલુ વર્ષે પણ જિલ્લાના ખંભીસર પંથકના મેઢાસણ, મોટી ચિચણો, ગઢા, લીંભોઈ જેવા ગામોમાં અંદાજે ૫૦૦ વિઘા જેટલી જમીનમાં તડબુચની ખેતી કરવામાં આવી છે.

હાલ તડબુચની પાકતી મુદત થવાની તૈયારી છે ત્યારે જ તડબુચ માટે જોખમી અને ખેડૂતનું નસીબ ફેરવી નાખનાર કહી શકાય એવો વેલા સુકાઈ જવાના રોગે માઝા મુકતા ખેડૂતોને રાતા પાણીએ રડવાનો વારો આવ્યો છે. તડબુચમાં હાલ રોગચાળો વકરતા ઉભા ખેતરોમાં વેલા સુકાવવા માંડ્યા છે. જેના લીધે એકથી પાંચ કિલોની સાઈઝમાં બનેલા તડબુચ પણ તાપમાં તબડી બગડવા લાગ્યા છે. બટાટાની તેજીને જોઈ રાજી થયેલા ખેડૂતની ખુશી ઝાઝો સમય ટકી ન હતી. અને ખેડૂતોની ખુશી પર તડબુચની ખેતીએ પાણી ફેરવી દીધુ છે. ત્યારે હાલ કેટલાક ખેતરોમાં તૈયાર થયેલ માલ લેવા માટે પણ વેપારીઓ ફરકતા નથી. તો કેટલીક જગ્યાએ તડબુચના વેપારીઓએ ખેડૂતોની મજબુરીનો લાભ ઉઠાવવા માટે ઓછા ભાવે ખેડૂતો પાસે માલ માંગી રહ્યા છે. જેને લઈ જગતનો તાત જાયે તો કહાં જાયે ની સ્થિતિમાં આવી ઉભો થઈ ગયો છે. દર વર્ષે ઉનાળાની શરૂઆતની સિઝનમાં તડબુચની ૧૫૦ થી ૧૬૦ રૂપિયાથી ખરીદી કરતાં વેપારીઓ ચાલુ વર્ષે ખેડૂતની દશા જાણી લેતાં ૯૦ થી ૧૦૦ રૂપિયાના ભાવે તડબુચની માંગણી કરી રહ્યા છે. તો બીજી બાજુ તડબુચ બગડી જતાં ઉતારામાં મોટો ફટકો ખેડૂતોને પડ્યો છે. તડબુચની ખેતીની સાચવણી માટે ખેડૂતો મોઘીદાટ દવા ખાતરનો ખર્ચ કરી પાક તૈયાર કર્યો છે ત્યારે પાકતી મુદતે વકરેલા રોગચાળો અને વેપારીઓની મનમાનીના કારણે હાલ ખંભીસર પંથક સહિત જિલ્લાના ખેડૂતોને રાતા પાણીએ રડવાનો વારો આવ્યો છે.